## 1. ટૂંકનોંધ લખો : સામાન્ય સભા

- સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય દેશો આ સભાનું સભ્યપદ મેળવે છે. સભ્યપદ મેળવવા માટે સલામતીની ભલામણ અનિવાર્ય ગણાય છે. 2016માં સામાન્યસભાની સભ્યસંખ્યા 193 દેશોની તે સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ છે. સામાન્ય સભા બધા સભ્યરાષ્ટ્રોના પ્રતિનિધિઓની બનેલી છે. તેમાં દરેક રાષ્ટ્ર વધુમાં વધુ પાંચ પ્રતિનિધિઓ મોકલી શકે છે, પરંતુ મતદાન સમયે દરેક રાષ્ટ્રનો એક જ મત ગણવામાં આવે છે. તે આંતરરાષ્ટ્રીય સંબંધોને લગતી કોઈ પણ બાબત પર ચર્ચા સલાહ કે ભલામણો કરી શકે છે.
- તે સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રી દર વર્ષે જે અંદાજપત્ર રજૂ કરે તે મંજુર કરવું તથા તેના ખર્ચની રકમની ફાળવણી કરે છે. તે રાષ્ટ્રોના આર્થિક વિકાસ, માનવ અધિકાર, નિઃશસ્ત્રીકરણ કે સાંપ્રત આંતરરાષ્ટ્રીય પ્રશ્નો હલ કરવા પ્રયત્ન કરે છે. તે સામાન્ય બાબતોમાં 2/3 સભ્યોની બહુમતીથી નિર્ણય લઈ શકે છે. સામાન્યસભાની દરેક બેઠકની શરૂઆતમાં 1 પ્રમુખ અને 21 ઉપપ્રમુખોની ચૂંટણી કરવામાં આવે છે. સામાન્ય સભા સંયુક્ત રાષ્ટ્રના ખતપત્રનું કાર્યક્ષેત્ર જે બાબતો તથા પ્રશ્નોને આવરી લે છે, તે અંગે તેમજ સંયુક્તરાષ્ટ્રોના બીજી અંગોની સત્તાઓ અને કાર્યો સંબંધે ચર્ચા કરે છે.

## 2. ટૂંકનોંધ લખો : સલામતી સમિતિ

- સલામતી સમિતિને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવા માટે વિશાળ સત્તાઓ આપવામાં આવે છે, તેથી તે સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મહત્ત્વનું અંગ છે.
- અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીન એમ કુલ 5 કાયમી સભ્યો છે, બાકીના 10 બિનકાયમી સભ્યો ધરાવે છે. તે રાષ્ટ્રોના કોઈ પણ ઝઘડાના ઉકેલ માટે શાંતિમય સાધનોનો ઉપયોગ કરી પ્રશ્નો હલ કરે છે. તે કોઈ પણ આંતરરાષ્ટ્રીય અગત્યની બાબતમાં નિર્ણય લેવા માટે 15 કાયમી સભ્યોમાંથી કોઈપણ એક મત હકારાત્મક ન હોય તો તે બાબત પર નિર્ણય લઈ શકતી નથી.
- 5 કાયમી અન્ય રાષ્ટ્રોની આ સત્તાને વીટોનિષેષાધિકાર કહે છે. દા.ત. રશિયાએ વીટોનો સૌથી વધુ વખત ઉપયોગ કરેલ છે. સલામતી સમિતિના પ્રમુખપદની સમયમર્યાદા એક મહિનાની રાખવામાં આવી છે. આ સમિતિના સભ્યરાજયો તેમના નામના અંગ્રેજી વર્ણમાળાના ક્રમ (Alphabetic Order) પ્રમાણે અનુક્રમે પ્રમુખપદ મેળવે છે.

## 3. ટૂંકનોંધ લખો : વાલીપણા સમિતિ

- બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વકક્ષાએ અનેક દેશોએ ગુલામીમાંથી પોતાના સ્વતંત્ર શાસન સંભાળવાની શરૂઆત કરી. આ સમયે પોતાનું સ્વશાસન સ્થાપીત કરી ન શકેલ દેશો કે સંસ્થાના વહીવટની જવાબદારી સંયુક્તરાષ્ટ્રના સભ્ય રાજયોએ લીધી હોય છે. આ વહીવટ સંભાળતા સભ્ય રાજયો (દશો)ને સંસ્થાના "વાલી" તરીકેની ફરજ બજાવવાની હોય છે. કાર્યો : આ વાલીઓએ પોતાની નીચેના સંસ્થાનો ઝડપથી સ્વશાસન પ્રાપ્ત કરે તે માટે અને આ સંસ્થાઓ સ્વતંત્રતા પ્રાપ્ત કરી સાર્વભૌમ રાજયો અને તે દિશામાં કામગીરી કરવાની હોય
- વાલીપણા સમિતિ : વાલીપણા સમિતિમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છે.

  (1) સંસ્થાનો વહીવટ સંભાળતા બે સભ્ય રાજયો.

  (2) સલામતી સમિતિના કાયમી સભ્ય રાજયોમાંથી જેઓ સંસ્થાનો વહીવટ ન કરતા હોય તેઓ.

(3) જે સભ્યરાજયોને સામાન્યસભા ત્રણ વર્ષ માટે આ સમિતિમાં ચૂટે તેવા સભ્યરાજયો. વાલીપણા સમિતિની બેઠક દર વર્ષે મળે છે. સંસ્થાઓના અહેવાલ પ્રત્યેક વાલીઓએ વાલીપણા સમિતિને સોંપવામાં આવે છે. આ સમિતિઓ સંસ્થાનોની મુલાકાત લે છે અને સભ્યરાજયોએ કરેલા કાર્યોની સમીક્ષા કરે છે.

## 4. ટૂંકનોંધ લખો : ક્યુબાની કટોકટી

- ક્યુબાએ મધ્ય અમેરિકામાં આવેલો મોટો ટાપુ છે. ત્યાં 1959માં ફિડલ કાસ્ટ્રો સત્તા પર આવ્યા. ફિડલ કાસ્ટ્રો યુ.એસ.એ. તરફી હોવાને કારણે 1960માં ક્યુબાને યુ.એસ.એસ.આર.એ અણુશસ્ત્રો આપવાની જાહેરાત કરી. પરિણામ યુ.એસ.એ. ની સલામતી ભયમાં મુકાવાને કારણે પ્રમુખ કેનેડીને 1962માં વળતાં પગલાં તરીકે, ક્યૂબાની અમેરિકાએ નાકાબંધી જાહેર કરી. તેની સામે સોવિયત યુનિયને પરમાણુ શસ્ત્રોથી સજ્જ મિસાઇલોવાળા જહાજો કેરેબિયન સમુદ્રમાં મોકલ્યો. બંને મહાસત્તઓ પરમાણુ શસ્ત્રો સાથે લડી લેવા સજ્જ બની ગઈ. આમ, વિશ્વ પરમાણુ યુદ્ધના આરે આવીને ઊભું રહ્યું.
- અમેરિકા અને સોવિયત યુનિયન (રશિયા)ના વડાઓ સાથે પહેલીવાર 'હોટ લાઇન' પર વાતચીત થઈ. બંને પક્ષોને પરમાણુ શસ્ત્રોથી થનારવિનાશનો ખ્યાલ આવ્યો. છેવટે સોવિયત યુનિયને પોતાના વહાણ પાછા વાળવાનો વિચાર કરી વહાણ પાછા વાળ્યા અને બંને વચ્ચે યુદ્ધની ઘટના ટળી ગઈ.આ ઘટનાને 'ક્યૂબાની કટોકટી' તરીકે ઓળકવામાં આમ, બંને મહાસત્તાઓ વચ્ચે પરસ્પર સંદેશાની આપલે શરૂ થઈ અને બંને મહાસત્તાઓ વચ્ચે ગેરસમજણો માર્ગ મોકળો બન્યો. તેમણે પરમાણુ શસ્ત્રોનો ઉપોયગ ન કરી માનવકલ્યાણનું કાર્ય કર્યું. તેથી ક્યૂબાની કટોકટી 'ઠંડા યુદ્ધના અંતના આરંભ' તરીકે પણ ગણવામાં આવે છે.
- સંયુક્તરાષ્ટ્રના મહામંત્રી ઉથાંટે યુ.એસ.એસ.આર.ના રાજનેતા ક્રુચ્ચોવ, યુ.એસ.એ.ના પ્રમુખ કેનેડી તથા ક્યુબાના રાજનેતા કાસ્ટ્રો વચ્ચે સમજૂતી સધાય તે માટેની ભૂમિકા પૂરી પાડીને વિશ્વશાંતિ જાળવવામાં અગત્યની ભૂમિકા ભજવી.

## 5. ટૂંકનોંધ લખો : સુએઝ નહેરનો પ્રશ્ન

- ઈ.સ. 1956માં ઈજીપ્તના કર્નલ નાસરે સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કર્યું. પરિણામે બ્રિટન અને ફ્રાન્સના આર્થિક હિતો જોખમમાં મુકાયા. તેથી આ બંને રાષ્ટ્રોએ ઈઝરાયેલની મદદથી ઈજીપ્ત પર આક્રમણ કર્યું. આ સમયે વિશ્વશાંતિ જોખમમાં મુકાઈ. વિશ્વમાં ભારત જેવા કેટલાક બિનજોડાણવાદી દેશોએ (રાજયો) ઈજીપમાંથી અન્ય દેશોના સૈનિકોને પાછઆ બોલાવવા અંગે અને સુએઝ નહેર માટે આંતરરાષ્ટ્રીય પોલીસદળની સ્થાપના કરવા અંગે ઠરાવ પસાર કર્યો.
- આ ઠરાવના અમલીકરણ થતા બ્રિટન અને ફ્રાન્સે પોતાના સૈનિકોને ઈજીપ્તમાંથી પરત બોલાવી દીધા. પરંતુ ઈઝરાયેલે તેમ ન કર્યું. આથી સંયુક્ત રાષ્ટ્ર સંઘે ઈઝરાયેલને આર્થિક અને લશ્કરી મદદ આપવાનું વિશ્વના તમામ દેશો બંધ કરે તે અંગેના ઠરાવ પસાર કરતાં ન છૂટકે ઈઝરાયેલે પણ પોતાના સૈનિકો પરત ખેંચી લીધા. આમ, સંયુક્ત રાષ્ટ્રની સફળ કુટનીતિથી વૈશ્વિક શાંતિ બરકરાર રહીને સુએઝ નહેરના પ્રશ્નનું શાંતિમય નિરાકારણ થયું.

6. ટૂંકનોંધ લખો : બર્લિન કટોકટી

➢ પ્રથમ અને દ્વિતિય વિશ્વયુદ્ધ જેના થકી મનાય છે કે જર્મનીને દ્વિતિય વિશ્વયુદ્ધમાં પણ કારમો પરાજય સહન કરવો પડ્યો. જર્મનીની આર્થિક, સામાજિક અને રાજકીય કરોડરજ્જુ તૂટી પડી. જર્મનીએ ફરીથી બેઠું કરી શકે તેવો નેતા ન હતો. આમ, યુદ્ધ પૂરું થતા જર્મનીને ચાર વહીવટી વિભાગોમાં વહેંચી નાખ્યું. પશ્ચિમ જર્મની અને પૂર્વ જર્મની (સામ્યવાદી) બે સ્વતંત્ર રાજયો અસ્તિત્વમાં આવ્યા. આનાથી બર્લિનનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો. પાટનગર બર્લિનના પણ ભાગ પડ્યા.

➢ જર્મનીના ત્રણ પશ્ચિમી વિભાગોનું એકીકરણ થતાં બર્લિના પણ ત્રણ વિભાગોને એક કરવામાં આવ્યા. એપ્રિલ 1948માં આ પ્રક્રિયાના વિરોધરૂપે સોવિયત યુનિયને બર્લિનની નાકાબંધી જાહેર કરી. પરિણામે પશ્ચિમી દેશો અને સોવિયત યુનિયન વચ્ચે ભારે તણાવ ઊભો થયો. આ સમય દરમિયાન પશ્ચિમ બર્લિન અને પૂર્વબર્લિને જૂદી પાડતી 42 કિ.મી. લાંબી દીવાલ બનાવવામાં આવી. જે ઠંડા યુદ્ધનું પ્રતિક ગણાય છે.

7. નિઃશસ્ત્રીકરણ પ્રત્યેનું ભારતનો અભિગમ કેવા પ્રકારનું રહેલું છે?

➢ ભારતે અણુશસોને નિઃશસીકરણના ક્ષેત્રમાં પણ રસ લીધો છે. અણુ અખતરાની બંધીની હિમાયત ભારતન્યૂએનની સ્થાપનાથી જ કરતું આવ્યું છે. ભારતીય સરકાર અણુશક્તિનો ઉપયોગ શાંતિમય હેતુ માટે કરવાની હિમાયત કરી છે.

(1) 1948 માં ભારતે પરમાણુ શક્તિનો માત્ર મર્યાદિત શાંતિપૂર્વક ઉપયોગ તેમજ રાષ્ટ્રીયશસોમાં પણ પરમાણુ શસ્ત્રોની નાબૂદી માટે આહવાન કર્યું છે.

(2) પરમાણુ પરીક્ષણ ઉપર પ્રતિબંધ લગાવવાની અવાજ ઉઠાવવા વાળો પ્રથમ દેશ ભારત છે. તેને જ પરમાણુ પરીક્ષણ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવા માટેનો પ્રસ્તાવ યુએનમાં મુક્યો

(3) 1961 માં ભારત દ્વારા બિનજોડાણવાદી દેશોની સાથે રહીને મહાસભામાં ઠરાવ રજૂ કરેલો જેમાં જેમાં અણુ પરમાણુનો ઉપયોગ યુએનના ખતત્રાના ભંગ સમાન છે એવું ઠરાવવામાં આવ્યું.

(4) ડિસેમ્બર 1971માં યુએનની ખાસ મહાસભા નિઃશસ્ત્રીકરણના સંદર્ભમાં મળે જેમાં નિઃશસ્ત્રીકરણ ન થાય ત્યાં સુધી પરમાણુ શસ્ત્રોનો પ્રયોગ કે પ્રયોગની ધમકી પર પ્રતિબંધ મુકવાની બાબત ભારતે મૂકેલી છે.

(5) 1982માં ભારતે પરમાણુ શસ્ત્રોના ઉત્પાદન, અણવિભાજનની સામગ્રીના ઉત્પાદન તેમજ પ્રયોગ પર પ્રતિબંધ મૂકવાની વકીલાત કરીને એક ખાસ પગલું ભર્યું છે.

(6) CTET 1968 પર ભારતે સંધી કરી નથી, કારણ ભારત તેને સંપૂર્ણપણે ભેદભાવપૂર્ણ માને છે.

(7) ભારતે 1974માં શાંતિપૂર્ણ ઉદેશો માટે એક પરમાણુ પરીક્ષણ કર્યો.

(8) 1998 ના પરમાણુ પરીક્ષણ ઉચ્ચયુકે આ પરીક્ષણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્થિતિના સંદર્ભમાં કર્યું છે. પ્રથમ પરમાણુ પ્રયોગ નહી કરવા અંગે ભારત સંધી કરવા તૈયાર છે. આમ ભારતની નિઃશસ્ત્રીકરણ અંગે એક સંકલ્પબંધ ભૂમિકા ભજવી રહ્યું છે.

8. 'આજે સમગ્ર વિશ્વને નિઃશસ્ત્રીકરણની શા માટે અનિવાર્યતા છે.' સમજાવો.

➢ નિઃશશીકરણ એટલે વિશ્વ કક્ષાએ જોવા મળતી હથિયારોની બિનજરૂરી દોડને સમાપ્ત કરવા માટે કેટલાક શસ્ત્રો કે તમામ પ્રકારના શસ્ત્રોનું સમાપ્ત કરવા. નિઃશસ્ત્રીકરણ કહે છે.

- નીચેના કારણોસર વૈશ્વિક કક્ષાએ નિઃશશીકરણ થાય તે જરૂરી છે.
- બિનજરૂરી ઉત્પાદનો : વિશ્વના કેટલાક ભાગોમાં મનુષ્ય ગંદા વસવાટોમાં ભૂખ અને તરસથી પોતાના જીવ ગુમાવી રહ્યા છે. ત્યારે બીજી બાજુ બુદ્ધિ, વિજ્ઞાન, સર્જનશક્તિનો ઉપયોગ શસોના નિર્માણ માટે દુરુપયોગ થઈ રહ્યો છે. અમેરિકા જેવા દેશો પોતાના વાર્ષિક બજેટમાં 50 % હિસ્સો શાસ્ત્રોમાં ફાળવે છે.
- આંતરરાષ્ટ્રીય તનાવ : વિશ્વમાં બિનજરૂરી શોની દોડે વિશ્વના અલગ અલગ દેશો વચ્ચે અસુરક્ષાની લાગણીને જન્મ આપ્યો છે. યુદ્ધની સ્થિતિનું નિર્માણ થાય છે, વિશ્વના અલગ અલગ દેશો વચ્ચે અવિશ્વાસની માત્રાઓનું પ્રમાણ વધે છે. દા.ત. ભારત અને પાકિસ્તાન વચ્ચેની શસ્ત્રોની દોડ. જીવન મૃત્યુનો વિકલ્પ : આજના વિજ્ઞાને થોડીક સેકન્ડોમાં સમગ્ર વિશ્વને મૃત્યુના મુખમાં ધકેલી દીધા છે. આધુનિક શસ્ત્રોમાં અણુ એ જો આપને યુદ્ધની સમાપ્ત નહી કરીએ તો યુદ્ધ આપણને સમાપ્ત કરી દેશે.
- 1945માં અમેરિકાએ જાપાનના હિરોશિમાં અને નાગાસાકિમાં પરમાણુ બોમ્બ ફેક્યો જેના પરિણામે આજની પેઢી પણ તેના દુષ્પરિણામો ભોગવી રહી છે. માનસિક રાહત અને સમસ્યાઓનો ઉકેલ : નિઃશસ્ત્રીકરણ અને એક તરફ માનવતા માનસિક શાંતિ અને રાહત મેળવશે તો બીજી બાજુ મહત્ત્વની સમસ્યાઓનો ઉકેલ શાંતિમય રીતે પ્રાપ્ત થશે યુદ્ધને બદલે શાંતિ સમજાવટથી પ્રશ્નોનો ઉકેલ જેમાં ભારત અને કાશમીરની સમસ્યા ભારતચીનનો વિવાદ, આરબ અને ઈઝરાયલના ઝઘડાઓનું શાંતિમય ઉકેલ આવી શકે છે.
- શસ્ત્રો પાછળના ખર્ચા બચશે, અમૂલ્ય સંસાધનો બચાવ થશે અને તેને અલ્પવિકસિત દેશના માનવજાતના વિકાસ માટે અને વધુ સારા જીવન ધોરણ સ્થાપવામાં ઉપયોગી બની શકે છે. યુદ્ધો પાછળ વપરાતાં ખર્ચા સમાજના ઉત્થાન માટે તે જરૂરી છે. યુદ્ધની ભયાનક્તા સમજીને રાજગોપાલાચારી જણાવ્યું છે કે કોઈપણ દેશની એવો અધિકાર નથી કે તે પોતાની સલામતી માટે અન્ય દેશોની વર્તમાન તેમજ ભાવિ પેઢીઓના સ્વાતંત્ર્ય જીવનને રેડિયોએક્ટીવીટી અને અણુ શસ્ત્રોની તૈયારી કરી અનેકને ખતરામાં મૂકે.
- નિઃશસ્ત્રીકરણના સંદર્ભમાં આઈન્સ્ટાઈન કહે છે કે ''મારે ત્રીજા વિશ્વયુદ્ધની ચિંતા નથી ચોથું વિશ્વયુદ્ધ લડાશે તે માત્ર પથ્થરથી લડાશે.'' આ વિચારસરણી યુદ્ધની ભયંકરતા છતી કરે છે. યુદ્ધ એ વિનિસનું વિજ્ઞાન છે. ટાળી ન શકાય તેઓ યુદ્ધ ક્યારેય હોતું નથી, યુદ્ધોને ટાળવા માટે જરૂર છે, એક શાંતિમય વાતાવરણ તૈયાર કરવાનું. મધ્યસ્થી કરી શકે તેવી વ્યક્તિ કે સંસ્થાનું નિમણિ. આ દિશામાં ભારત બુદ્ધની ભૂમીકા નિભાવી રહ્યું છે.